# પેટ્રોલ-ડિઝલમાં પુનઃ ભાવ ઘટાડો

## ગુજરાતમાં વેટ સાથે પેટ્રોલની કિંમતમાં ૨.૮૫નો અને ડિઝલમાં લીટરદીઠ ૨.૭૦ સુધીનો ઘટાડો

નવી દિલ્હી-અમદાવાદ, તા. ૧૬

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આજે ફરી એકવાર ઘટાડો કરવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમતમાં વેટ અને સેલટેક્સ સિવાય લીટરદીઠ ૨.૪૨નો ઘટાડો કરવામાં આવ્યો હતો જ્યારે ડિઝલમાં વેટ અને સેલટેક્સ સિવાય લીટરદીઠ ૨.૨૫નો ઘટાડો કરવામાં આવ્યો છે. આજના ઘટાડા સાથે ગુજરાતમાં વેટ સાથે ગણવામાં આવે તો પેટ્રોલની કિંમતમાં ૨.૮૫ સુધીનો ઘટાડો થયો છે. આનો મતલબ એ થયો કે અમદાવાદમાં પેટ્રોલની કિંમત ઘટીને ૬૧.૬૭ રૂપિયા થઈ છે. આવી જ રીતે રાજકોટમાં પેટ્રોલની કિંમત ૬૦.૯૫ થઈ છે. આવી જ રીતે ડિઝલની કિંમતમાં વેટ સાથે ૨.૭૦ રૂપિયાનો લીટરદીઠ ઘટાડો ગુજરાતમાં થયો છે. અમદાવાદમાં ડિઝલની કિંમત વેટ સાથે ઘટીને હવે ૫૩.૩૮ થઈ છે જ્યારે રાજકોટમાં ૫૫.૮૬ની સામે ભાવ ઘટીને ૫૩.૧૬ થઈ છે. ટૂંકમાં લોકોને મોટી રાહત થઈ ગઈ છે. પેટ્રોલની કિંમતમાં ઓગસ્ટ બાદથી સતત નવમી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. ઓક્ટોબર બાદથી ડિઝલની કિંમતમાં પાંચમી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. તાત્કાલિક ધોરણે રેટ અમલી

● અનુસંધાન પાન-૭ પર

### એક્સાઇઝ ડ્યુટી વધી

સરકારે આજે પેટ્રોલ અને ડિઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં લીટરદીઠ બે રૂપિયાનો વધારો કર્યો હતો. ઓક્ટોબર મહિનામાં ડિઝલની કિંમતને અંકુશ મુક્ત કરી દેવામાં આવ્યા બાદ એક્સાઈઝ ડ્યુટીમાં ચોથી વખત વધારો કરવામાં આવ્યો છે. નાણામંત્રાલયે નિવેદન જારી કરીને કહ્યું છે કે, અનબ્રાન્ડેડ પેટ્રોલ ઉપર એક્સાઈઝ ડ્યુટીમાં લીટરદીઠ બે રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ડિઝલ ઉપર પણ બે રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૦૪ ૧૭ જાન્યુઆરી, ૨૦૧૫, શનિવાર ; પોષ વદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


ખુદ યકીન હોતા નહીં
જીનકો અપની મંઝીલ કા,
ઉનકો રાહ કે પથ્થર કભી
રાસ્તા નહીં દેતે
- ગોપાલ મિત્તલ

# બોરીજના બાળકોની ફિલ્મ રાજ્ય કક્ષાએ ચમકશે

## બોરીજની સરકારી પ્રાથમિક શાળાના અને શ્રમિક પરિવારના ૮ બાળકોની એનીમેશન ફિલ્મ બાળ ફિલ્મ મહોત્સવમાં રજુ થશે





ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ સરકારી પ્રા. શાળાના ૮ બાળકો દ્વારા નિર્મિત એનીમેશન ફિલ્મ રાજકોટ ખાતે ૨૦મીએ યોજાનાર બાળ ફિલ્મ ફેસ્ટીવલમાં રજુ થશે.

શ્રમિક પરિવારોના આ બાળકો એનીમેશન ફિલ્મ પ્રોડકશન માટે છેલ્લા એક વર્ષ કરતાં પણ વધુ સમયથી તાલિમ મેળવી રહ્યા છે અને તેમને તેમના ભણવાના વિષયોને આવરી લઈ જુદી જુદી ૧૦થી વધુ ફિલ્મો બનાવી છે.


આ બાળકોએ તેમની એનીમેશન ફિલ્મ ટ્રાફિક નિયમન, પર્યાવરણ જેવા સામાજિક ચિંતાના વિષયોને આવરી લઈ પણ બનાવી છે. ટ્રાફિક નિયમનની સાથે સાથે ઉડતી કાર દર્શાવતી એક નાનકડી ફિલ્મ જોવાલાયક છે.

સરકારી પ્રા. શાળાના ધો-૮માં ભણતા બાળકો અત્યારે તો તેમની આ ફિલ્મ દર્શાવવાની વાતોને લઈ અત્યંત ખુશ છે તેઓ તેની તૈયારીમાં સ્કુલમાં પણ સમય કરતા વહેલા આવી કોમ્પ્યુટર પર બેસી તેમાં જ મસ્ત રહે છે.

રાજ્ય સરકારે ૨૦૧૪-૧૫માં નવી બાબત તરીકે બાળ ફિલ્મ મહોત્સવ ઉજવાનો નિર્ણય કર્યો છે અને હાલ ત્રણ જેટલા સ્થાનોએ આ બાળ ફિલ્મ મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં પ્રથમ રાજકોટ આ પછી સુરત અને કચ્છમાં તેનું આયોજન છે.

બોરીજના શ્રમિક પરિવારોના બાળકોએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે પહેલાં કોમ્પ્યુટર ને અડવામાં પણ બીક લાગતી હતી હવે અમને કોમ્પ્યુટર સરસ આવડે છે એટલું જ નહિ અમે તેના પર સારી તાલિમને કારણે એનીમેશન ફિલ્મ બનાવતા પણ થઈ ગયા છીએ.

● અનુસંધાન પાન-૭ પર




# વિધાનસભા સત્ર અંગે આગામી કેબિનેટમાં નિર્ણય

ગાંધીનગર, તા. ૧૬

આગામી સપ્તાહે મળનારી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં આગામી ૨૫મી ફેબ્રુઆરીથી વિધાનસભાનુ અંદાજપત્ર સત્ર બોલાવવા અંગેનો નિર્ણય લેવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભા સત્ર બોલાવવા માટે એક મહિનાનો ધારાસભ્યોને પ્રશ્નો માટેનો નોટીસ સમય આપવો પડે આથી આ નિયમ અંતર્ગત વિધાનસભા સત્રની એક મહીના પહેલા તારીખ જાહેર કરવી પડે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી સપ્તાહે રાજ્યમંત્રીમંડળની મળનારી બેઠકમાં વિધાનસભાનું સત્ર ૨૫મી ફેબ્રુઆરીથી બોલાવવા અંગેનો નિર્ણય લેવામાં આવશે અને આ અંગેની જાણ રાજ્યપાલશ્રીને કરવામાં આવ્યા બાદ રાજ્યપાલશ્રી વિધાનસભા સત્ર બોલાવવા અંગેના આહવાનની જાહેરાત કરશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ અંદાજપત્ર સત્ર એક મહિના માટે મળતુ હોય છે. આથી આગામી ૨૫મી ફેબ્રુઆરીથી ૩૧મી માર્ચ સુધી સત્ર બોલાવવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે રાજ્ય સરકાર આ વિધાનસભા સત્ર દરમ્યાન દશથી વધુ મહત્વના કેટલાક સરકારી વિધેયકો પણ લાવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.


Learn Advance
MS EXCEL
1 DAY WEEK END WORKSHOP
on Sunday with study material on DVD + with Executive Lunch
Learn from MICROSOFT Certified trainer
VASNA - AHMEDABAD
Contact : 9979884499

બેંગકોક, પત્તાયા ₹34,999
રીટર્ન એર ટીકીટ, વીઝા, 3* હોટલ, બ્રેકફાસ્ટ, ડિનર, સાઈટ સીઈંગ
કોઈ છુપા ખર્ચ નહી.
R. K. Vacations Pvt. Ltd.
9825789300, 9687130400

૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઘી ગાંધીનગર અર્બન કો-ઓ. બેંક લિ.
અપના બજાર, સેક્ટર-૨૧, ગાંધીનગર, ફોન-૨૩૨ ૪૩૯૩૪
શાખા શુભારંભ
ઘી ગાંધીનગર અર્બન કો-ઓ. બેંક લિ.
તેના વિકાસના ભાગરૂપે નવિન શાખા - કુડાસણ (કોર બેંકીંગ સર્વીસ) નો શુભારંભ આવતી કાલે તા. ૧૮-૦૧-૨૦૧૫ ને રવિવારે સવારે ૧૦:૦૦ કલાકે કરી રહી છે. આ શુભ પ્રસંગે ગાંધીનગર શહેર અને જીલ્લાના, સભાસદો, ખાતેદારો અને નગરજનોને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.
સ્થળ - ૧૨૪-૧૨૫, સનરાઈઝ ઓર્કેડ, ગાંધીનગર-કોબા રોડ, કુડાસણ, ગાંધીનગર
આશીર્વચન
મહંતશ્રી ૧૦૮ મધુસૂદનદાસજી મહારાજ, રામધામ, વાવોલ, ગાંધીનગર
મહંતશ્રી ૧૦૮ રામસ્વરૂપ પુરીજી મહારાજ, ધોળેશ્વર મહાદેવ, ગાંધીનગર
-: આપના સહકારભિલાષી :-
ડાહ્યાભાઈ ટી. પટેલ, ચેરમેન
બિપીનભાઈ વી. પટેલ, વાઈસ ચેરમેન
ચંદુભાઈ એચ. પટેલ, મેનેજીંગ ડિરેક્ટર
ગોવિંદભાઈ એમ. પટેલ, જનરલ મેનેજર
-: ડિરેક્ટર્સ :-
કાલીદાસ વી. પટેલ
પરસોત્તમભાઈ એમ. પટેલ
અશોકભાઈ સી. પટેલ
નટુભાઈ આર. પટેલ
પ્રહલાદભાઈ આઈ. પટેલ
પ્રહલાદભાઈ એસ. પટેલ
પ્રકાશભાઈ આર. પટેલ
ઈન્દીરાબેન આર. પટેલ
ભાવનાબેન બી. પટેલ
ગિરીશચંદ્ર ટી. ઝાટકીયા
ગોરધનભાઈ જે. રાઘવાણી

PROMISE APPROVED USED CAR
Exchange Your Old Car With a Brand New Hyundai Car





VERNA
Savings up to ₹ 43,000* [P]
Savings up to ₹ 69,000* [D]
Hurry! Offer Valid from 16th to 22nd January 2015
Xcent
Savings up to ₹ 15,000* [P]
Savings up to ₹ 48,000* [D]
EON Savings up to ₹42,500*
i10 Savings up to ₹38,500*
GRAND Savings up to ₹14,000* [P] | ₹44,000* [D]
ELANTRA Savings up to ₹65,500*
Exchange bonus up to ₹ 25,000
Exchange by Hyundai H Promise
• Transparent Deal
• All facilities under one roof
• Hassle free transaction
• Your car goes into right hand
Log in to – http://hpromise.hyundai.co.in
HYUNDAI
Terms and conditions apply. Features & specifications as shown may not be part of standard fitment & are subject to change without prior notice. Hyundai urges you to follow traffic rules – these are meant to keep you safe on roads.
SMS HCARE TO 54242 For HYUNDAI CARE Mobile App
PROMISE APPROVED USED CAR
PUNJAB HYUNDAI Call : 079-31907700
ગાંધીનગર : સેલ્સ : 9825042175, 9925042700 સર્વિસ : 9879047777 | કલોલ : 9825012126 | દહેગામ : 9825062741